ફો.કે.નં.________________

## આંક–૧ હેઠળ હુકમ

આ કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮ અન્વયે અત્રેની અદાલતમાં તા.________ના રોજ દાખલ કરતાં, અત્રેની અદાલતે તા.________ ના રોજ હુકમ કરી, હાલના કેસને ક્રિમીનલ કેસ નંબરે નોંધવાનો હુકમ કરેલ. આ કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના ફરીયાદીએ હાલના કેસને આગળ ચલાવવા માટે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલ નથી કે અત્રેની અદાલતમાં જાતે હાજર રહેલ નથી અથવા તો તેઓના વિ.વકીલશ્રી મારફત હાજર રહેલ નથી. આ કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, ફરીયાદીના વિ.વકીલશ્રી તા.__________ ના રોજ અત્રેની અદાલતમાં હાજર રહેલ છે પરંતુ ત્યારબાદ આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે આશરે ____ વર્ષ દરમિયાન ફરીયાદી કે તેઓના વિ.વકીલશ્રી અત્રેની અદાલતમાં હાજર રહેલ નથી, તેમજ આ કેસની આગળ ચલાવવાની કાર્યવાહી કરવા માટે કોઈપણ જાતનો પ્રયત્ન કરેલ નથી. આમ, ફરીયાદી તેમજ તેમના વિ.વકીલશ્રી ઉપરોકત સમયગાળા દરમ્યાન અત્રેની અદાલતમાં હાજર રહી આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે કોઈપણ જાતનો પ્રયત્ન કરેલ ન હોય, જેથી ફરીયાદીને હાલનો કેસ આગળ ચલાવવા સારૂ રસ નહિં હોવાનું માનવાને કારણ જણાઈ આવતું હોઈ, તેમજ આજરોજ પણ ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રીને વારંવાર પોકાર કરવા છતાં તેમજ કોર્ટનો ૧૭–૩૦ કલાકનો સમય પુર્ણ થવા સુધી રાહ જોઈ હોવા છતાં, ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રીએ અત્રેની અદાલતમાં હાજર રહેલ નથી કે તે અંગે કોઈ રીપોર્ટ કે રજુઆત આવેલ નથી. તેમજ આ કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કોઈપણ જાતનો પ્રયત્ન કરેલ ન હોઈ, જેથી આ કેસનું સમગ્ર રેકર્ડ, હકીકત ધ્યાને લેતાં, આ કેસની ઈન્સાફી કાર્યવાહી કરવા ફરીયાદી રસ ધરાવા નહિં હોવાનું માનવાને કારણ રેકર્ડ ઉપરથી જણાઈ આવતું હોઈ, જે કારણોસર હાલની ફરીયાદ ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૫/૦૪/૧૮
સ્થળ:અમદાવાદ.

**( આર.આર.પટેલ )**
**GJ 00922**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એ.કોર્ટ નં.૩૦,અમદાવાદ